


# પેપરમાં પૈસા લઈને ચોરી કરાવવાના મુદ્દે સયાજી હોસ્પિટલના ડીન દ્વારા તપાસ શરૂ

**ગુજરાતમિત્ર અસર**

**સિક્યુરિટીના** બે કોન્ટ્રાક્ટરને નોટિસ ફટકારાઇ, સરકાર પાસે સિક્યુરિટી વધારવા માંગ કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.03


ગત તા.28 ઓગસ્ટના રોજ એસ.એસ.જી. હોસ્પિટલમાં એમ.બી.બી.એસ. ના મેડિકલના વિધ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા દરમિયાન એસ.એસ.જી. હોસ્પિટલના રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટર ના કોન્ટ્રાક્ટ હેઠળ ફરજ બજાવતા વર્ગ -4 ના સર્વન્ટ દ્વારા પૈસા લઈને વિદ્યાર્થીઓ ને પરીક્ષામાં ગેરરીતીમા સહયોગ કરવાના મુદ્દે હવે ડીન એક્શનમાં જોવા મળ્યા છે તેમણે આ મામલે શંકાસ્પદ ચાર સર્વન્ટની તાત્કાલિક બદલી સાથે સિક્યુરિટીના બે કોન્ટ્રાકટર ને નોટિસ ફટકારી છે સાથે જ સરકાર પાસે સુરક્ષા વ્યવસ્થા વધારવા મહેકમ વધારાવાની રજૂઆત કરવામાં આવી છે.

ગત તા.28 ઓગસ્ટના રોજ એસ.એસ. જી. હોસ્પિટલમાં MBBS ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવામાં આવી હતી તે દરમિયાન રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટરના કોન્ટ્રાક્ટ હેઠળ ફરજ બજાવતા વર્ગ 4 ના કેટલાક સર્વન્ટ દ્વારા રોકડા તથા ઓનલાઈન નાણાં લઈ વિધ્યાર્થીઓને પરીક્ષામાં ગેરરીતી માં સહયોગ આપવાની બાબતે એક મેડિકલના વિધ્યાર્થી દ્વારા યુનિવર્સિટી, પ્રોફેસરોને તથા ત્યારબાદ સમગ્ર મામલે ડીનને રજૂઆત કરાઇ હતી. સાથે જ વિદ્યાર્થી દ્વારા એસ.એસ.જી. હોસ્પિટલમાં મેડિકલ કોલેજમાં બોય્ઝ હોસ્ટેલમાં બેરોકટોક શરાબ ડ્રગ્સ અને ગાંજો આવતો હોવાનું અને વિધ્યાર્થીઓ નશો કરતા હોવાની રજૂઆત કરવામાં આવી હતી જેમાં હવે ડીન ડો.રંજન ઐયર દ્વારા રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટર ના ચાર કર્મીઓની તાત્કાલિક બદલી કરવામાં આવી છે સાથે જ આવી બાબતને કદાપિ સાંખી નહીં લેવાય તે માટે રજસ એન્ટરપ્રાઇઝ તથા જીઆઇએસએફ બંન્ને આઉટ સોર્સિંગ એજન્સીઓ ને નોટિસ ફટકારી છે. સાથે જ હવે બોય્ઝ હોસ્ટેલમાં સરપ્રાઈઝ ચેકીંગ ની સૂચના આપવામાં આવી છે. સિક્યુરિટી કર્મચારીઓ વધારવા માટે સરકાર ને રજૂઆત કરવામાં આવી છે તદ્ઉપરાંત એસ.એસ.જી. હોસ્પિટલમાં સીસીટીવી કેમેરા જે બંધ હાલતમાં છે તેને ચાલુ કરાવવા સૂચના આપવામાં આવી છે.

મેડિકલ ના વિધ્યાર્થી દ્વારા પરીક્ષણમાં સર્વન્ટ દ્વારા નાણાંની લેવડદેવડ મામલે કરવામાં આવેલ ગંભીર આક્ષેપો બાદ એક મહિલા પ્રોફેસર દ્વારા વિધ્યાર્થીને લેખિત ફરિયાદ માટે મોબાઈલ ફોન પર સોશિયલ મીડિયા ના માધ્યમથી મેસેજ કરવામાં આવ્યો હતો બીજી તરફ સિનિયર વિધ્યાર્થીઓ દ્વારા પણ મેડિકલના વિધ્યાર્થીને આડકતરી રીતે દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ છે. મેડિકલના વિધ્યાર્થીના આક્ષેપો મુજબ સિનિયર વિધ્યાર્થીઓ જૂનિયર વિધ્યાર્થીઓ નું રેગીગ કરતા હોય છે પરંતુ એન્ટી રેગીગ કમિટી સમગ્ર મામલે આંખ આડા કાન કરે છે.

હોસ્પિટલમાં આઉટ સોર્સિસ એજન્સી રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટરના કર્મચારીઓ વચ્ચે સમગ્ર મામલે ચર્ચા ચાલી હતી જેમાં જો સરકારી નિયમો મુજબ સમયસર કર્મચારીઓ ને પગાર આપવામાં આવે તો શા માટે કોઈ કર્મચારીઓને બસ્સો રૂપિયા લેવાની જરૂર પડે?

અત્રે ઉલ્લેખનીય છે કે એસ.એસ.જી. હોસ્પિટલમાં સુરક્ષા વ્યવસ્થા એક ગંભીર મુદ્દો બન્યો છે અહીં અગાઉ પૂર્વ કાઉન્સિલર ના પુત્રની હત્યા, મારામારી જેવી ઘટનાઓ,ચોરી, તથા નશાની વસ્તુઓની હેરફેર જેવી ઘટનાઓ છતાં પ્રશાસન દ્વારા બંધ સીસીટીવી કેમેરા ચાલુ કરાવવામાં નિષ્ક્રિય રહ્યા છે જ્યારે સરકાર જરુરી તમામ સહાય આપતી હોય છે પરંતુ સતાધીશોની નિયત ન હોય તેમ જણાય છે. રજસ એન્ટરપ્રાઇઝ કોન્ટ્રાકટર ના પડદા પાછળ નાકરાણી જ કાર્યરત હોવાની પણ ચર્ચા છે.



ગણેશનગર યુવક મંડળ, પ્રતાપગંજ

### મુંબઈ-અમદાવાદ હાઈવે ના રોડની બંને બાજુ આડેધડ પાર્કિંગ પર એક્શન

# જાંબુઆથી હાઈવે સુધી આડેધડ પાર્કિંગ ગેરકાયદે શેડ-ઓટલો દૂર કરાયા

**ટ્રાફિકજામ** રોકવા અને માર્ગ ખુલ્લા રાખવા માટે દબાણની શાખા અને ટીડીઓએ મહત્ત્વની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા ઉકેલવા પાલિકાની દબાણ શાખાએ ટ્રાફિક દળ સાથે મળી જાંબુઆથી નેશનલ હાઈવે સુધીનો માર્ગ દબાણ મુક્ત કર્યો હતો. આ કાર્યવાહી અંતર્ગત માર્ગની બંને બાજુ થયેલા આડેધડ પાર્કિંગ તેમજ દુકાનોની સામે બનાવાયેલા ગેરકાયદે શેડ અને ઓટલા દૂર કરવામાં આવ્યા હતા.

શહેરના વ્યસ્ત મુંબઈ-અમદાવાદ હાઈવે પર છેલ્લા કેટલાક સમયથી વારંવાર ટ્રાફિકજામ સર્જાતાં સ્થાનિકો તથા વાહન ચાલકોને ભારે તકલીફો પડી રહી હતી. આને ધ્યાનમાં રાખીને દબાણ શાખાએ વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન દુકાનોની સામે બનાવાયેલા કાચા-પાકા શેડ તોડી પાડવામાં આવ્યા હતા. સાથે સાથે દુકાનોની સામે ગેરકાયદે ઉભા કરેલા ઓટલાં પર પણ બુલડોઝર ફેરવતાં રસ્તાઓ ખુલ્લા થઈ ગયા હતા. પરિણામે માર્ગ પર વાહનોની અવરજવર વધુ સરળ બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. તે ઉપરાંત, વાહન ચાલકોને કોમ્પ્લેક્સના ખાનગી પાર્કિંગ સ્થળનો ઉપયોગ કરવાની અપીલ કરાઈ હતી. દબાણ શાખા તથા ટ્રાફિક દળ દ્વારા સ્થાનિકોને સમજ આપવામાં આવી કે મુખ્ય રસ્તા પર વાહનો પાર્ક કરવાથી ટ્રાફિક સમસ્યા ઊભી થાય છે, તેથી કોમ્પ્લેક્સ કે સોસાયટીના પાર્કિંગ જ ઉપયોગમાં લેવાં જોઈએ. માર્ગ પર અવ્યવસ્થિત પાર્કિંગ કરનારને અગાઉથી મેમો ફટકારે ચેતવવામાં આવ્યા હતા, અને કાર્યવાહી બાદ ફરીથી જનજાગૃતિ ફેલાવવામાં આવી છે. પાલિકા અધિકારીઓએ જણાવ્યું કે આવા દબાણ વિરોધી કાર્યક્રમો હવે શહેરના અન્ય વિસ્તારોમાં પણ અમલમાં મુકવામાં આવશે, જેથી રસ્તાઓ ખુલ્લા રહી ટ્રાફિક વહેવાર સરળ બને.

# સિમેન્સ કંપનીના પ્રોડક્શન સુપરવાઇઝરના મકાનમાંથી રૂ.1.97 લાખની ચોરી

**વડસર** રોડ પર બંધ મકાનમાંથી રૂ.1.79 લાખના સોના ચાંદીના દાગીનાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમા આવેલી ઓમનગર સોસાયટીમાં રહેતા પ્રેરક અશોકભાઈ પટેલ મકરપુરા ખાતે આવેલી સિમેન્સ નામની કંપનીમાં પ્રોડકશન સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ગત 31 ઓગષ્ટના રોજ રાત્રીના સમય દરમ્યાન સુપરવાઇઝર પત્ની અને દિકરી લઈને વડોદરા શહેરમાં અલગ અલગ જગ્યા પર સ્થાપિત કરાયેલા ગણપતિ જોવા માટે ગયા હતા. જ્યારે તેમના માતા-પિતા ઘરે હાજર હતા અને મકાનના આગળના દરવાજાને બહારથી તાળુ મારી ઉંઘી ગયા હતા, ત્યારબાદ ગણપતી જોઈને મોડી રાત્રીના સવા બાર વાગ્યાના અરસામાં ઘરે પરત આવ્યા હતા. તેમના ઘરમાં બેડ રૂમમા આવેલી ગેલેરીનો દરવાજાની સ્ટોપર બંધ હતી. જેથી તેઓએ બેડરૂમમાં જઈને તપાસ કરી હતી ત્યારે કબાટના ડ્રોવરમાં રાખેલા દાગીના ભરેલુ પાઉચ મળી આવ્યુ હતું. જેથી સુપરવાઈઝરના બેડરૂમમાં પ્રવેશ કરીને તસ્કરો સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂ. 1.97 લાખની મતાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેથી તેઓએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. જ્યારે બીજા બનાવમાં વડસર રોડ પર આવેલી રોયલવીલા સોસાયટીમાં રહેતા રાવજીભાઇ નરેન્દ્ર ભાઇ પંડ્યાંના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને બેડરૂમમાં મુકેલી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના મળી રૂ. 1.79 લાખની મતાની ચોરી કરી ચોરો પલાયન થઇ ગયા હતા. જેથી રાવટે પંડ્યાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



ધ્વનિ આશિષ ભાવસાર , અક્ષર હેરિટેજ હરણી



જાગૃતિ મિસ્ત્રી પરિવાર,નારાયણ નગર, વાઘોડિયા



શ્રીપ્રગતિ મંડળ, દત્તકૃપા સોસાયટી



દિપ અને દિશા ચેતનભાઇ રાણા,બાપોદ



ચાર્જઝોન, સારાભાઇ કેમ્પસ.

## ટેક ઈન્ફ્લુએન્સર પ્રોગ્રામનો પ્રારંભ; 1 લાખથી વધુ ક્રિએટરો હવે પ્રોગ્રામનો હિસ્સો

વડોદરા: ઑનલાઇન શોપિંગના ક્ષેત્રમાં થઈ રહેલી વૃદ્ધિનો લાભ કન્ટેન્ટ ક્રિએટરો પણ લઈ શકે તે હેતુને ધ્યાનમાં રાખીને, એમેઝોન ઈન્ડિયાએ આજે તેના ટેક ઈન્ફ્લુએન્સર પ્રોગ્રામ (TIP) શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્રોગ્રામ દ્વારા, એમેઝોન તમામ કદના કન્ટેન્ટ ક્રિએટરોને એવા ટૂલ્સ અને સંસાધનોનો ઍક્સેસ પ્રદાન કરશે જેનાથી ગ્રાહકોને સ્માર્ટફોન, લેપટોપ, કૅમેરા વગેરે જેવા ઉત્પાદનોની ખરીદી કરવામાં મદદ મળે. નવી દિલ્હીમાં એમેઝોન બેસ્ટ ઈન ટેક એવોર્ડ્સમાં જાહેર કરવામાં આવેલો, આ પ્રોગ્રામ ક્રિએટરોને તેમના ફોલોઅર્સ માટે ખરીદીની કામગીરી સરળ બનાવવાની સાથે-સાથે તેમના કન્ટેન્ટમાંથી કમાણી કરવામાં મદદ કરશે.

એમેઝોન ઈન્ડિયાના ક્રિએટર્સ પ્રોગ્રામના વડા નિધિ ઠક્કરે જણાવ્યું કે, “આજે ગ્રાહકોની ઉત્પાદનો શોધવાની, તેના વિશે સંશોધન કરવાની અને ખરીદવાની રીતભાતના કેન્દ્રમાં ક્રિએટરો છે”. તેમણે ઉમેર્યું હતું કે, “ટેક ઈન્ફ્લુએન્સર પ્રોગ્રામ દ્વારા, અમે ગ્રાહકોને વધુ માહિતીસભર ખરીદીના નિર્ણયો લેવામાં મદદ કરવાનું અને સરળ ખરીદી અનુભવ પૂરો પાડવાની ખાતરી કરવાનું તેમજ ક્રિએટરોને સફળતા મેળવવા માટે સશક્ત બનાવવાનું અમારું બમણું વિઝન રાખીએ છીએ.” ગ્રાહકો અને કન્ટેન્ટ ક્રિએટરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા, એમેઝોનના ઈન્ફ્લુએન્સર પ્રોગ્રામમાં હવે ટેકનોલોજી, ફેશન, જીવનશૈલી, પેરેન્ટિંગ, ફિટનેસ અને બીજા ઘણાંમાં 1 લાખથી વધુ ક્રિએટરો છે.

### શહેરમાં ખાડા અને ભૂવા સામાન્ય થઇ ગયા હવે મુખ્ય માર્ગ પર ડ્રેનેજ પણ અસુરક્ષિત!

# પંડ્યા બ્રિજ નીચે તૂટેલા ડ્રેનેજ કવરની અવ્યવસ્થાથી મુસાફરો ભારે જોખમમાં

**પંડ્યા** બ્રિજ નીચે તૂટેલા ડ્રેનેજ ઢાંકણથી શહેરના ટ્રાફિકમાં ખતરો, તંત્રીની નિષ્ક્રિયતા સામે નાગરિકોમાં અસંતોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારને જોડતા અને રેલવે સ્ટેશન તથા એસ.ટી. ડેપો નજીક આવેલા પંડ્યા બ્રિજ નીચે છેલ્લા 20 દિવસથી ડ્રેનેજ લાઈનનું ઢાંકણ તૂટેલી હાલતમાં છે. છતાં પણ સંબંધિત તંત્રે અત્યાર સુધી કોઈ પગલાં લીધા નથી, જેના કારણે દરરોજ વ્યસ્ત રહેતા ટ્રાફિક વચ્ચે કોઈપણ સમયે મોટો અકસ્માત સર્જાઈ શકે તેવી શક્યતા વધી રહી છે.

શહેરના ઉત્તર છેવાડે આવેલો આ વિસ્તાર ચોવીસ કલાક ટ્રાફિકથી ધમધમતો રહે છે. અહીંથી દરરોજ ભારદારી વાહનો, ડમ્પરો, એસ.ટી. બસો સહિત હજારો વાહનો પસાર થાય છે. ખાસ કરીને હાલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામકાજને કારણે ભારે મશીનરી અને મોટા વાહનોની સતત અવરજવર રહે છે. આવી પરિસ્થિતીમાં રસ્તા વચ્ચે 30 ફૂટ જેટલી ઊંડી ડ્રેનેજ લાઈનનું ઢાંકણ તૂટેલું હોવાને કારણે અકસ્માત સર્જાવાનો ખતરો વધુ વધી ગયો છે.

સ્થળપર નજર પડે છે કે ડ્રેનેજના તૂટેલા ઢાંકણ ના સળિયા પણ દેખાઈ રહ્યા છે. જો કોઈ બાઇક સવાર અથવા રાહદારી અહીંથી પસાર થાય તો ગંભીર જાનહાનિ થવાની ભીતિ નકારી શકાય નહીં. આ ઘટનાને લઈને આસપાસના મુસાફરો તથા દુકાનદારોએ ચિંતા વ્યક્ત કરી છે. સ્થાનિક નાગરિકોનો પ્રશ્ન છે કે તંત્ર શું કોઈ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યું છે? નિર્દોષ લોકોનું જાન જાય ત્યારેજ શું આ સમસ્યાનું નિરાકરણ આવશે? શહેરના મહત્વના અવરજવર માર્ગ પર આવી ગંભીર બેદરકારી સામે પ્રશાસન ક્યારે જાગશે તે મોટો સવાલ છે. સ્થાનિક લોકો તથા મુસાફરો તાત્કાલિક મરામત કરવાની માંગ કરી રહ્યા છે. પંડ્યા બ્રિજ નીચેનું આ તૂટેલું ઢાંકણ નાગરિકોની સલામતિ માટે જોખમરૂપ બની ગયું છે. અકસ્માત ટાળવા માટે તંત્ર તાત્કાલિક કવર બદલવાની કે મરામત કરવાની કાર્યવાહી કરે તે સમયની માંગ છે.



પ્રિન્સ-સરીતા અજીત દ્વિવેદી, પ્રતાપનગર



શ્રીકૃષ્ણ યુવા યુવક મંડળ,તુલસાવાડી



જે.આર.ગ્રૂપ ,નાનીકાછીયાવાડ , છાણી



શ્રીસ્વામિનારાયણ પાર્ક,આજવા-વાઘોડિયા રોડ




# ભ્રષ્ટાચારના ખાડા કે ખાડામાં ભ્રષ્ટાચાર? : કારેલીબાગમાં ત્રીજીવાર રસ્તો બેસી જતાં પાલિકા તથા ઈજારદારો શંકાના દાયરામાં

**કરોડોના** ભ્રષ્ટાચાર પર ધસી પડ્યો વડોદરાનો માર્ગ!

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાની કામગીરી ફરી એકવાર ભ્રષ્ટાચાર અને બેદરકારીનાં કાદવમાં ધસી પડી છે. કારેલીબાગ વિસ્તારમાં દીપિકા ગાર્ડન નજીક મુખ્ય માર્ગ પર ત્રીજીવાર ભૂવો પડી જતાં પાલિકાની કામગીરી પર અનેક સવાલો ઉભા થવા લાગ્યા છે. આખો પર ભ્રષ્ટાચારના પાટા બાંધી સત્તાધીશો અને અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસી હોય તેમ સાબિત થઈ રહ્યું છે. લાખો રૂપિયાનું બિલ ચૂકવીને પણ રસ્તો જનહિતમાં મજબૂત બનવાને બદલે વારંવાર જમીનમાં ગુમ થઈ જાય છે.

માહિતી મુજબ, છેલ્લા છ મહિનામાં આ જ સ્થળે બે વખત રસ્તો ધસી પડ્યો હતો. બંને વખત લાખો રૂપિયાનો ખર્ચ કરીને સમારકામ કરાવાયું, બિલો મંજૂર થયા અને ઈજારદારોને ચુકવણી પણ થઈ ગઈ. તેમ છતાં આજે ફરી ત્રીજીવાર એ જ સ્થળે ગણતરીના કલાકોમાં માર્ગ બેસી જતાં નાગરિકોના ધીરજનો પાર તૂટી ગયો છે.

સ્થાનિક રહીશોએ કટાક્ષ કરતાં કહ્યું “લાખો રૂપિયા રસ્તામાં નહીં પરંતુ ભ્રષ્ટાચારના ખિસ્સામાં ગયા, નહીં તો એક જ જગ્યાએ ત્રણ વાર ભૂવો કેમ પડે?”

આ સ્થિતિ ફક્ત કારેલીબાગ જ નહીં, પરંતુ સમગ્ર વડોદરા શહેરમાં છેલ્લા છ મહિનામાં અનેક મુખ્ય માર્ગો પર ભૂવા પડી ચુક્યા છે. કેટલાંક ભૂવા હજુ સુધી ભરાયા જ નથી અને સ્મારકની જેમ ખુલ્લા મૂકાયેલા છે. આ પરિસ્થિતિ નાગરિકોની સુરક્ષાને ગંભીર જોખમમાં મૂકે છે.

સ્થાનિક જાગૃત નાગરિકોએ સરકારે તીખા આક્ષેપો કર્યા. તેમણે જણાવ્યું કે, “વિસ્તારના ચારેય કાઉન્સિલર ભાજપના હોવા છતાં એકજ સ્થળે ત્રીજીવાર ભૂવો પડવો એ સાબિત કરે છે કે સમારકામમાં ભ્રષ્ટાચાર થયો છે. નાગરિકોની જાન સાથે રમાતું આ ભયાનક દ્રશ્ય છે. રસ્તા સમારકામના ખર્ચા કાગળ પર થાય છે, પરંતુ જમીન પર ફક્ત ખાડા જ રહી જાય છે.”



### રોષ માટે જવાબદાર કોણ?


સ્થાનિક નાગરિકો ભારે ગુસ્સે ભરાયા છે. તેઓએ માંગણી કરી છે કે આ સમગ્ર પ્રકરણની ઊંડી તપાસ કરવામાં આવે અને લાખોના ખર્ચાનું હિસાબ મેળવવામાં આવે. રોડની ગુણવત્તા માટે જવાબદાર અધિકારીઓ તથા ઇજારદારો સામે તાત્કાલિક કડક પગલાં લેવા જોઈએ. એક રીતે કહીએ તો રસ્તો નહીં, ભ્રષ્ટાચાર ધસી પડ્યો છે.


### પાલિકાની વિશ્વસનીયતા કબ્રસ્તાન


કારેલીબાગના રસ્તા પર પડેલો ત્રીજો ભૂવો માત્ર ડામરનું નહીં પરંતુ પાલિકાની વિશ્વસનીયતાનું પણ ખુલ્લેઆમ કબ્રસ્તાન બની ગયો છે. જનતાની મહેનતની કમાણી ભ્રષ્ટાચારના ખાડામાં સ્વાહા થઈ રહી છે અને વડોદરાવાસીઓને વારંવાર ખાડામાં ખસી રહેલા માર્ગોનું “આશ્ચર્ય જોવા” મળી રહ્યું છે.

### ઓમ રેસીડેન્સીના 400 પરિવારોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

# વડાપ્રધાન આવાસ યોજનાના મકાનો જર્જરિત થતા રહીશો આંદોલનના મૂડમાં







(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના મોટનાથ મહાદેવ મંદિર નજીક આવેલી ઓમ રેસીડેન્સી કો.ઓ.હા. સોસાયટીના રહીશો છેલ્લા કેટલાક દિવસોથી ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વડાપ્રધાન આવાસ યોજનાના અંતર્ગત માત્ર ત્રણ વર્ષ પહેલા બનેલા આ મકાનોમાં હવે ગંભીર ભંગાણ, ગાબડાં અને તિરાડો દેખાવા લાગી છે. બ્લોકો બેસી જવાની સ્થિતિ સર્જાતા રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે.

સોસાયટીમાં પાંચ માળના કુલ 10 ટાવરમાં અંદાજે 400 પરિવારો વસે છે. પાયો નબળો પડતો હોવા સાથે અનેક ટાવરના પિલરોમાં પણ તિરાડો દેખાય છે. કેટલાક ઘરોની છતમાં ગાબડાં પડતાં રહીશો પોતાના પરિવારોની સુરક્ષા અંગે ચિંતિત બની ગયા છે.

રહીશોનો આક્ષેપ છે કે યોજનામાં ગરીબ લોકો માટે ગુણવત્તાયુક્ત મકાન આપવાની જાહેરાતો કરવામાં આવી હતી, પરંતુ હકીકતમાં નબળી બાંધકામ સામગ્રી અને બેદરકારીપૂર્ણ કામગીરીના કારણે મકાનો ત્રણ વર્ષમાં જ ખસ્તા હાલતમાં પહોંચી ગયા છે.

ઓમ રેસીડેન્સીના નાગરિકોએ એકત્ર થઈને સોસાયટી પરિસરમાં સૂત્રોચ્ચાર કરતા જણાવ્યું કે, જો તંત્ર અને રાજકીય આગેવાનો તાત્કાલિક પગલાં નહીં લે તો તેઓ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરશે. રહીશોએ સ્પષ્ટ ચેતવણી આપી કે હાલમાં કોઈપણ રાજકીય નેતાને સોસાયટીમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

રહીશોનું કહેવું છે કે ઘણી વખત તંત્રને રજૂઆત કરવા છતા કોઈ પગલાં લેવાયા નથી. હવે તેઓ પાસે ચૂંટણી બહિષ્કારને શસ્ત્ર તરીકે ઉપાડવાનો વિકલ્પ જ રહ્યો છે. સ્થાનિક નાગરિકોએ માંગણી કરી છે કે સરકાર ત્વરિત અસરથી બાંધકામની ગુણવત્તાની તપાસ કરી હાલ રહી રહેલા પરિવારોને સુરક્ષિત આવાસ ઉપલબ્ધ કરાવે.